ગુજરાત સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનના
**કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના અમલ બાદ પ્રથમ વખત**
ઉ.પ.ધો. યોજના મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃજનવ -૨૦૧૧-યુઓ-૨૪૯-અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૭ -૧૦-૨૦૧૩

આમુખઃ

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે બઢતીનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોને ધ્યાને રાખીને નાણા વિભાગના તા-૧૬-૦૮-૧૯૯૪ના ઠરાવથી ૯-૧૮-૨૭ વર્ષની ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના દાખલ કરવામાં આવેલ હતી. ત્યાર બાદ નાણા વિભાગના તા-૨-૦૭-૨૦૦૭ના ઠરાવથી ૧૨-૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાની નવી યોજના દાખલ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનના કર્મચારીઓ/અધિકારીઓને પણ સરકારના કર્મચારીઓની જેમ જ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા અંગે સચિવાલયના જુદા જુદા વિભાગો તરફથી દરખાસ્તો કરવામાં આવે છે અને આ અંગે ગુજરાત સરકારની હાલની નીતિ મુજબ કેસ ટુ કેસ ચકાસણી કરીને ઉચ્ચતર પગાર ધોરણ યોજના લાગુ કરવા મંજુરી આપવામાં આવે છે. સદર બાબતે જે બોર્ડ/કોર્પોરેશનમાં છઠ્ઠા પગાર પંચના અમલ બાદ નાણા વિભાગના તા-૦૨-૦૭-૨૦૦૭ના ઠરાવ અને તે પછી વખતો વખત થયેલ ઠરાવની જોગવાઇઓને આધિન પ્રથમ વખત જ સરકારશ્રીની મંજુરીથી ૧૨-૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજના દાખલ કરવામાં આવી રહેલ હોય તેવા કિસ્સાઓમાં ઉચ્ચત્તર પગાર ધોરણની યોજનાનો અમલ કઇ તારીખથી કરવાનો થાય તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. ઉક્ત બાબતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે. .

ઠરાવ-

૧. રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનના કર્મચારીઓને સરકારશ્રીની મંજુરીથી નાણા વિભાગની ઉચ્ચત્તર પગાર ધોરણ આપવાની યોજનાના અમલ બાદ તે યોજનાનો લાભ આપવા માટે સરકારશ્રીની **પ્રથમ વખત જ** મંજુરી મળેલ હોય તેવા કિસ્સામાં તા-૧-૦૮-૨૦૧૨ને કટ ઓફ ડેટ તરીકે ગણી તે તારીખે જે કર્મચારીઓની ૧૨ કે તેથી વધુ વર્ષની સેવાઓ પૂર્ણ થતી હોય અને તેઓ નાણા વિભાગના તા-૨-૦૭-૨૦૦૭ અને ત્યાર બાદ વખતો વખતના ઠરાવોથી નક્કી થયા મુજબની સર્વે શરતો સંતોષતા હોય તેઓને તે તારીખે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

૨. જે કોઇ બોર્ડ/કોર્પોરેશનમાં ઉપર મુજબ છઠ્ઠા પગાર પંચના અમલ બાદ રાજ્ય સરકારની મંજુરીથી આ ઠરાવની રવાનગી પહેલા નાણા વિભાગના તા-૦૨-૦૭-૨૦૦૭ના ઠરાવ અને તે પછી વખતો વખત થયેલ ઠરાવની જોગવાઇઓને આધિન **પ્રથમ વખત જ** સરકારશ્રીની મંજુરીથી ૧૨-૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણની યોજના દાખલ કરવાની મંજુરી આપવામાં આવેલ હોય તેવા કિસ્સાઓમાં પણ ઉચ્ચત્તર પગાર ધોરણ યોજનાના અમલની તારીખ-૧-૦૮-૨૦૧૨ ગણવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી.સેઇલર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત ભવન, ગાંધીનગર
  માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
  માન. મંત્રીશ્રી/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
  માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
  સચિવાલયના સર્વે વિભાગો/ ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), રાજકોટ/ અમદાવાદ
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), રાજકોટ/ અમદાવાદ
  નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
  સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
  પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/ અમદાવાદ
  સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ
  પીએઓ, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર/ વડોદરા.
  નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
  સર્વે બોર્ડ/ યુનિવર્સિટી/ નિગમ/ રાજય સરકારના જાહેર સાહસો
  નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, નાણા વિભાગની તમામ શાખાઓ.
  પસંદગી ફાઇલ-ચ શાખા.

---

- પત્ર દ્વારા